10BGS2

# સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કોણ છે ?

: લેખક :
રેવ. આર. એચ. એસ. બોયડ
બી. એ., બી. ડી.

10BGS2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કોણ છે ?

: લેખક :
રેવ. આર. એચ. એસ. બોયડ
બી. એ., બી. ડી.

● **પ્રકાશક :**
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

● **પ્રથમ આવૃત્તિ :**
માર્ચ ઈ.સ. ૧૯૫૭
નકલ ૧૦૦૦

● **પુનઃ મુદ્રણ :**
જાન્યુઆરી, ૧૯૯૬
નકલ ૧૦૦૦

● **કિંમત :** રૂ. ૫.૦૦

● **મુદ્રક :**
**જેન્સન કોમ્પ્યુટર્સ**
બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮.

113

# પ્રસ્તાવના

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સેક્રેટરી તરીકે આ પુસ્તકની પ્રસ્તાવના લખવાની મને જે તક મળી તે માટે ઈશ્વરપિતાનો આભાર માનતાં અત્યંત આનંદ અનુભવું છું કારણ કે આ પુસ્તકના લેખક રેવ. ડૉ. આર.એસ. બોયડ સાહેબ કે જેઓ ઈ.સ. ૧૯૬૧થી ૧૯૬૫ સુધી ચાર વર્ષ દરમિયાન ઈશ્વરવિદ્યા શાળામાં મારા ગુરૂ હતા, અને જેમની પાસેથી મને ઉમદા જ્ઞાન મળ્યું. તેઓ આજે લગભગ ૨૦ વર્ષ પછી ફરીથી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અને તેમનું પુસ્તક આજે લગભગ ૪૦ વર્ષ પછી ફરીથી છપાય છે તે માટે તેઓ અભિનંદનના અધિકારી પણ છે.

આ દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં **F.M.P.B.** મિશનરીઓની સુવાર્તિક સેવાથી ઘણા મંડળીમાં નવા ઉમેરાયાં છે અને પ્રભુ પરના વિશ્વાસમાં તેઓ અડગ તથા દૃઢ છે. ત્યારે ઘણા તેમને ખોટા દુર્મતમાં દોરીને, ફોસલાવીને અને લલચાવીને તેમને બાઈબલના ખરા શિક્ષણમાંથી ફેરવીને પોતાની મંડળીમાં લઈ જવાના પ્રયત્નો કરે છે, ત્યારે તેવા નવા ખ્રિસ્તીઓને આ પુસ્તક ઘણું જ ઉપયોગી અને મદદરૂપ થશે એવી મારી આશા અને પ્રાર્થના છે.

આ પુસ્તકની વિમોચનવિધિ આજરોજ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક સમિતિમાં પ્રેસ્બિટેરિયન ચર્ચ ઈન આયર્લેન્ડની જનરલ એસેમ્બલીના મોડરેટર સાહેબના હસ્તે થઈ એ માટે પણ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી ગર્વ અનુભવે છે.

આ પુસ્તકની મારફતે ગુજરાતમાંના પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓને નવું માર્ગદર્શન અને દોરવણી મળશે જ એવી મારી આશા તથા પ્રાર્થના છે.

**તા. ૬-૧-૧૯૯૬**

**ઈમાનુએલ સી. ક્રિસ્ટી**
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

# સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કોણ છે ?

સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કોણ છે ? ટપાલ મારફતે ચાલતા બાઈબલના અભ્યાસક્રમ 'વૉઈસ ઓવ્ પ્રોફેસી' દ્વારા, અને એ જ શીર્ષક હેઠળ ચાલતા રેડિયોપ્રસારિત કાર્યક્રમો દ્વારા તેમજ સૂરતમાં 'સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ' હૉસ્પિટલના સુંદર કાર્ય દ્વારા ગુજરાતમાંના ઘણા લોકો તેઓથી પરિચિત છે. ઘણા મોટા ભાગના ખ્રિસ્તીઓ જાણે છે કે કેટલીક બાબતોમાં તેઓની માન્યતાઓ આપણી માન્યતાઓ કરતાં જુદી છે, અને ખાસ કરીને તેઓ રવિવારને બદલે પુરાતન યહૂદી સાબ્બાથને એટલે શનિવારને પવિત્ર દિવસ તરીકે પાળે છે. આપણને એ પણ સુવિદિત છે કે તેઓમાંના ઘણા સભાસદો બીજાઓની સેવાને અર્થે તબીબી કાર્ય પાછળ પોતાના જીવનનું સ્વાર્પણ કરે છે, અને આશ્ચર્યજનક ઉદારતાથી પોતાની મંડળીને માટે નાણાં આપે છે. કદાચ આપણે એ પણ જાણીએ છીએ કે તેઓમાંના મોટા ભાગના લોકો શાકાહારી છે, અને તેઓ ચા અને કૉફી જેવાં પીણાંઓનો નિષેધ કરે છે. પરંતુ તેઓની વિશિષ્ટ માન્યતાઓ વિષે શું ? તેઓની મંડળીનો ઉદ્ભવ કેવી રીતે થયો ? તેઓ હિંદમાં ક્યારે આવ્યા અને તેમની વિશ્વસંસ્થા કેટલી મોટી છે ?

## તેઓ શા કારણે 'સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્' કહેવાય છે ?

**(ક) એડવેન્ટિઝ્મ** (પુનરાગમન વિષેની માન્યતાઓ)

ઈસુનું પુનરાગમન ઘણું નજીકમાં છે એવું માનનારાઓ પહેલેથી જ ખ્રિસ્તી મંડળીમાં હોય છે. થેસ્સાલોનીકીઓને પ્રથમ પત્ર પરથી આપણે જોઈ શકીએ છીએ કે સંત પાઊલ પણ માનતો હતો કે ઈસુ જગતનો ન્યાય કરવા માટે ટૂંક સમયમાં પાછો આવશે; જો કે પાછળથી તેણે પોતાનાં મંતવ્યો ફેરવ્યાં અને લોકોને એવી આગ્રહપૂર્વક વિનંતી કરી કે

'પ્રભુનો દહાડો જાણે હમણાં જ આવ્યો હોય, એમ સમજીને તમારાં મનને ચલિત થવા ન દો, અને ગભરાઓ નહિ.' (૨ થેસ્સા. ૨:૨).

ઓગણીસમી સદીની શરૂઆતનાં વર્ષોમાં ઘણા લોકો એવું માનતા હતા કે ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન ઘણું નજીક છે; અને આવા જે લોકો ઈસુના અણચિંતવ્યા પુનરાગમનની આશા રાખતા હતા તેઓ 'એડવેન્ટિસ્ટ્સ' કહેવાયા. ('એડવેન્ટ્સ' - **adventus** - લૅટિન ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ 'આગમન' અથવા 'પુનરાગમન' છે.)

યુનાઈટિડ સ્ટેઈટ્સમાં આ હિલચાલનો એક નેતા **વિલ્યમ મિલર** (૧૭૮૨-૧૮૪૯) નામે હતો. બાઈબલના ઝીણવટભર્યા અભ્યાસ પછી તે એવા અનુમાન પર આવ્યો કે ઈસુ લગભગ ૧૮૪૩ની સાલમાં પાછો આવશે. દાનિયેલના પુસ્તકમાં આપેલાં પ્રબોધવચનો ઉપર મિલરનું ભવિષ્યકથન આધાર રાખતું હતું.

દાનિયેલ ૯:૨૪-૨૫માં આપણે આ પ્રમાણે વાંચીએ છીએ : 'અપરાધ બંધ પાડવાને, પાપનો અંત આણવાને, ને દુરાચારનું પ્રાયશ્ચિત કરવાને, ને સદાકાળનું ન્યાયીપણું દાખલ કરવાને, ને સંદર્શન તથા ભવિષ્યવાદ પર સિક્કો મારીને નક્કી કરવાને, ને પરમપવિત્રનો અભિષેક કરવાને, તારા લોકને શિર તથા તારા પવિત્ર નગરને શિર સિત્તેર અઠવાડિયાં નિર્માણ કરેલાં છે. એ માટે જાણ તથા સમજ, કે યરૂશાલેમની મરામત કરવાનો તથા તેને ફરી બાંધવાનો હુકમ પ્રગટ થયાના વખતથી તે અભિષિક્ત સરદારના વખત સુધીમાં સાત અઠવાડિયાં વીતશે; અને બાસઠ અઠવાડિયાંમાં, શેરીઓ તથા ખાઈસહિત અંધાધૂંધીના સમયોમાં પણ તે ફરીથી બંધાશે.'

આ ભવિષ્યવાણી વિષે મિલરની ત્રણ માન્યતાઓ હતી :

(अ) બાઈબલની ભવિષ્યવાણીઓમાં જ્યાં જ્યાં 'એક દિવસ'ની વાત આવે છે, ત્યાં ત્યાં તેનો અર્થ 'એક વર્ષ' છે.

(આ) યરૂશાલેમ ફરીથી બાંધવામાં આવશે એવું જાહેરનામું આર્તાહશાસ્તા રાજાએ જે સાલમાં બહાર પાડયું હતું તે તારીખથી આ ભવિષ્યવાણી અમલમાં મૂકવામાં આવી છે. (જુઓ નહેમ્યાહ ૨).

(ઇ) બાઈબલની કેટલીક આવૃત્તિઓમાં આ જાહેરનામાંની જે તારીખ છાપવામાં આવી છે, એટલે ઈ.સ. પૂર્વે ૪૫૭ની સાલ, તે બરાબર છે.

આ માન્યતાઓને આધારે ગણતરી કરવાથી મિલરને માલૂમ પડયું કે આ ભવિષ્યવાણી પ્રભુ ઈસુના મૃત્યુની સાલ (એટલે ઈ.સ. ૩૩)માં પૂરી થઈ હતી.

ઈ.સ. પૂર્વે ૪૫૭ : આર્તાહશાસ્તા રાજાનું જાહેરનામું.

૭૦ સપ્તાહ = ૪૯૦ દિવસ = ૪૯૦ વર્ષ.

ઈ.સ. પૂર્વે ૪૫૭ + ૪૯૦ વર્ષ = ઈ.સ. ૩૩.

પછી તેણે દાનિયેલ ૮ : ૧૪નો અભ્યાસ કર્યો : 'તેણે મને કહ્યું, કે (સંદર્શનની મુદ્દત) બે હજાર ત્રણસો સાંજ-સવારની છે; ત્યાર પછી પવિત્રસ્થાનનું શુદ્ધિકરણ થશે.' ઉપર્યુક્ત પદ્ધતિનો ઉપયોગ કરીને તે એવા અનુમાન પર આવ્યો કે ઈ.સ. ૧૮૪૩માં પ્રભુ ઈસુ પવિત્રસ્થાનનું શુદ્ધિકરણ કરવાને આવવાનો છે.

૨૩૦૦ દિવસ = ૨૩૦૦ વર્ષ.

ઈ.સ. પૂર્વે ૪૫૭ + ૨૩૦૦ = ઈ.સ. ૧૮૪૩.

'પવિત્રસ્થાન' તે આ પૃથ્વી છે, એમ મિલર માનતો હતો, તેથી પૃથ્વીનું શુદ્ધિકરણ કરવા પ્રભુ ઈસુ ઈ.સ. ૧૮૪૩માં આવશે, એવી માન્યતા મિલરે પ્રગટ કરી.

મિલર કાયમનો ઉપદેશક બન્યો, અને ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન ટૂંક સમયમાં જ થશે એ આશામાં પોતાની મંડળીઓ છોડીને ઘણા લોકો તેની પાછળ ગયા, પરંતુ ૧૮૪૩નું

વર્ષ વીતી ગયું. ત્યાર પછી એડવેન્ટિસ્ટ નેતાઓએ જણાવ્યું હતું કે ૧૮૪૪ના ઑક્ટોબરની ૨૨મી તારીખે ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન ચોક્કસ થશે. તે વર્ષ પણ વીતી ગયું. તેમ છતાં ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન ન થયું ત્યારે એડવેન્ટિસ્ટ્સમાં ઘોર નિરાશા વ્યાપી ગઈ, અને જે મંડળીઓમાંથી લોકો આવ્યા હતા તેમાં ઘણા પાછા ફર્યા. મિલરે પોતાની ભૂલ કબૂલ કરી. પરંતુ ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન ટૂંકમાં જ છે એવી માન્યતાને તે વળગી રહ્યો.

ત્યાર પછી થોડા જ સમયમાં **હાઈરામ એડસનની** સમજાવટથી એડવેન્ટિસ્ટ્સના એક જૂથને ખાતરી થઈ કે ઈ.સ. ૧૮૪૪માં ખ્રિસ્ત ખરેખર પાછો આવ્યો હતો, પરંતુ તેઓએ જેમ આશા રાખી હતી તેમ નહિ. એડસનને દર્શન થયું કે ખ્રિસ્ત પૃથ્વીના પવિત્રસ્થાનમાં નહિ, પરંતુ સ્વર્ગના પવિત્રસ્થાનને શુદ્ધ કરવાને તેમાં પ્રવેશ્યો હતો, અને તે એવા અનુમાન પર આવ્યો કે પોતાના લોકોને મુક્તિ આપવાને પોતાના આખરી આગમનની તૈયારીરૂપે, મનુષ્યોનાં પાપોની નોંધના દફતરો તપાસવાને માટે ઈસુ સ્વર્ગીય પરમપવિત્રસ્થાનમાં પ્રવેશ્યો હતો.

('સ્વર્ગીય પવિત્રસ્થાનનું શુદ્ધિકરણ અને બારીક તપાસને અંતે આપવામાં આવતો ન્યાયચુકાદો-આ બેઉ સિદ્ધાંતો સાથે સાથે રાખવા જોઈએ' એમ શ્રીમતી વ્હાઈટે લખ્યું. **('The cleansing of the sanctuary involves a work of investigative judgment')**. હાલમાં આ સિદ્ધાંત સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સની માન્યતાઓનું આવશ્યક અંગ છે.

**(ख) સાતમો દિવસ** (સાબ્બાથ-શનિવાર).

આ પછી થોડા જ સમયમાં એડવેન્ટિસ્ટ્સના આ જૂથે સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સનો બીજો વિશિષ્ટ સિદ્ધાંત અપનાવ્યો. તે સિદ્ધાંત સાતમો દિવસ-સાબ્બાથ પવિત્ર પાળવા વિષે છે.

**જોસેફ બેઈટ્સ** (૧૭૯૨-૧૮૭૨) નામે એક એડવેન્ટિસ્ટે ૧૮૪૬માં **'સાતમો દિવસ-સાબ્બાથ-કાયમી ચિહ્ન' (The Seventh-Day Sabbath-a Perpetual Sign)** નામની પુસ્તિકા લખી. તેમાં તે દાવો કરે છે કે પૃથ્વીના સર્જન સમયે ઈશ્વરે સાબ્બાથવારની સ્થાપના કરી. સાતમો દિવસ (સાબ્બાથ) પવિત્ર પાળવાની ક્રિયાને તેણે 'ઈશ્વરની મહોર' કહી. એથી ઊલટું, રવિવાર પવિત્ર પાળવાની ક્રિયાને તેણે 'શ્વાપદની છાપ' એવું ઉપનામ આપ્યું (પ્રકટી. ૧૪ : ૯-૧૨).

**એલન જી. હારમન** (૧૮૨૭-૧૯૧૫) કે જે પાછળથી **શ્રીમતી એલન વ્હાઈટ** થયાં, તેઓ સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્નાં સૌથી વધુ પ્રખ્યાત નેતા હતાં. તે ૧૮૪૪ પહેલાં વિલ્યમ મિલરના આંદોલનમાં જોડાયાં હતાં અને તેમણે એડસન તથા બેઈટ્સે આપેલા નવા ખુલાસાઓનો સ્વીકાર કર્યો હતો. આ ખુલાસાઓ ખરેખર સાચા છે એવું તેના મનમાં દર્શનોની પરંપરા દ્વારા ઠસાવવામાં આવ્યું હતું. પોતાના જીવનની આખર સુધી તેમને આ દર્શનોનો અનુભવ થયા કર્યો. એ અનુભવને આધારે તેમણે મોટી સંખ્યામાં પુસ્તકો લખ્યાં. આ પુસ્તકો મહદાંશે બાઈબલના ખુલાસારૂપે છે. સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ તેમનાં પુસ્તકોને અચૂક ગણતા નથી, પરંતુ તેઓ શ્રીમતી વ્હાઈટને ઘણું માન આપે છે અને તેમનામાં ભવિષ્યકથન માટે વિશિષ્ટ પ્રકારનો આત્મા હતો એવું તેઓ માને છે. આથી તેમનાં પુસ્તકોનું ઘણું વજન પડે છે, અને ખરે જ, સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્ના આંદોલનનો વિકાસ સચોટ રીતે તેમના શિક્ષણને આભારી છે.

શરૂઆતમાં આ આંદોલન ઝડપી પ્રગતિ પામ્યું નહિ. આ આંદોલને તેના સભાસદો પાસેથી ઉચ્ચ નૈતિક ધોરણની અપેક્ષા રાખી, અને તે વાજબી છે. વળી ઈસુના પુનરાગમનનું ચોક્કસ તારીખરૂપી આકર્ષણ તેણે આપ્યું નહિ. તેમ છતાં આ સદીના અંત પહેલાં આ આંદોલન યુનાઈટેડ સ્ટેઈટ્સમાં તેમ જ બીજા દેશોમાં ઝડપથી ફેલાવો પામી રહ્યું

હતું. 'સેવન્થ-ડે-એડવેન્ટિસ્ટ્' એ નામ ૧૮૬૦માં સત્તાવાર રીતે ધારણ કરવામાં આવ્યું. ૧૮૯૩ની સાલમાં હિંદમાં સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્નું પ્રથમ કાર્ય શરૂ કરવાંમાં આવ્યું. ઘણા દેશોમાં સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્નું કાર્ય વિશાળ પાયા પર ચાલી રહ્યું છે. યુનાઇટિડ સ્ટેઇટ્સમાં તેઓના ૨,૬૦,૦૦૦ સભાસદો છે, અને તેમનો દાવો છે કે આખી દુનિયામાં તેમના ૧૦,૦૦,૦૦૦ સભાસદો છે. ૧૯૫૪ની સાલમાં ૧૯૭ દેશોમાં ૧૭,૭૭૪ સુવાર્તિકો સહિત ૩૯,૧૫૯ કામદારો હતા. તેઓના સાહિત્યનું વાર્ષિક વેચાણ લગભગ ૭,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનું છે. તદુપરાંત, તેઓ શૈક્ષણિક અને તબીબી કાર્ય ઘણા મોટા પ્રમાણમાં કરે છે, અને યુનાઇટિડ સ્ટેઇટ્સની બહાર ૧૩૨ દવાખાનાંઓ તેમજ ૧૩૦ કૉલેજોનું સંચાલન કરે છે. સાહિત્યના તેઓના બહોળા ઉપયોગ ઉપરાંત (જેમાં 'વૉઇસ ઓવ્ પ્રોફેસી'ના ટપાલ મારફતે ચાલતા અભ્યાસક્રમનો સમાવેશ છે), તેઓનો રેડિયોપ્રસારિત કાર્યક્રમ ઘણા મોટા પાયા પર ચાલે છે. (આ 'વૉઇસ ઓવ્ પ્રોફેસી'ના સભ્યોની સંખ્યા ૧૫,૦૦,૦૦૦ની છે.) તેઓ ૧૪ ભાષાઓમાં ૮૦૬ રેડિયો સ્ટેશનો પરથી નિયમિત રીતે કાર્યક્રમો રજૂ કરે છે.

## તેઓની વિશિષ્ટ માન્યતાઓ કઈ છે ?

તેઓની વિશિષ્ટ માન્યતાઓ વિષે વિચાર કરીએ તે પહેલાં આપણે યાદ રાખવું જોઇએ કે ખ્રિસ્તી સિદ્ધાંતના વિશાળ ક્ષેત્રને આવરી લેતી તેમની માન્યતાઓ થોડે ઘણે અંશે સાચી છે. આ કારણે તેઓનાં પુસ્તકો વાંચનાર અને તેમના રેડિયો કાર્યક્રમો સાંભળનાર ઘણા લોકો સમજી શકતાં નથી કે ખ્રિસ્તી મંડળીની માન્યતાઓ કરતાં તેઓની માન્યતાઓ કઈ બાબતોમાં જુદી છે. ઈસુ ખ્રિસ્ત દેવપુત્ર છે, તે પાપીઓને બચાવવા પૃથ્વી પર આવ્યો; અને બાઈબલમાં આપેલું દેવનું વચન આપણા માર્ગદર્શન માટે એકમાત્ર નિયમ છે, એમ

આપણે તેઓની જેમ માનીએ છીએ, અને સૌથી અગત્યની આ માન્યતાઓ સંબંધી આપણે તેમની હરોળમાં છીએ. પરંતુ, ખ્રિસ્ત પરનો વિશ્વાસ એ જ ખરા ખ્રિસ્તી જીવનની કસોટી છે, એમ આપણે માનીએ છીએ; તેમ છતાં આ લોકો પોતાના વિચિત્ર સિદ્ધાંતો પર એટલો બધો ભાર મૂકે છે કે પરિણામે, વિશ્વાસને બદલે તેમના આ સિદ્ધાંતો ખ્રિસ્તી જીવનની કસોટીરૂપ બની જાય છે.

## (अ) એડવેન્ટિઝ્મ

હવે આપણે સૌ પ્રથમ ઈસુના પુનરાગમન વિશેના તેઓના શિક્ષણનો વિચાર કરીએ. આપણે ખ્રિસ્તીઓ માનીએ છીએ કે એક દિવસે ખ્રિસ્ત દુનિયાનો ન્યાય કરવા માટે અને આ દુનિયાનાં રાજ્યોને પોતાનાં બનાવવા માટે પાછો આવશે, પરંતુ ક્યારે આવશે તે આપણે જાણતા નથી. છતાંયે ઘણા લોકો માને છે કે અત્યારે આપણે છેલ્લા દિવસોમાં જીવીએ છીએ અને ગમે તે સમયે તે પાછો આવે ત્યારે આપણે તૈયાર હોઈએ એવી રીતે આપણે વર્તવું જોઈએ.

પરંતુ સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સની આ સંબંધી શી માન્યતા છે ? તેઓ માને છે કે ઈસુ ખ્રિસ્ત ૧૮૪૪માં ન્યાયચુકાદાને લગતી બારીક તપાસ કરવાને સ્વર્ગીય પવિત્રસ્થાનમાં પ્રવેશ્યો. આ કાર્ય ૧૮૪૪થી આજ સુધી ચાલુ રહ્યું છે અને કોઈપણ સમયે તે પૂરું થશે એવો સંભવ છે; ત્યાર બાદ ખ્રિસ્ત પોતાના લોકોની મુક્તિ માટે પાછો આવશે, એમ તેઓ માને છે.

તો, ખ્રિસ્તના સ્વર્ગારોહણથી માંડીને 'આ વિચિત્ર રીતે પસંદ કરાયેલા ૧૮૪૪ સુધીના સમય દરમ્યાન શું બની રહ્યું હતું ? શું ખ્રિસ્ત ૧૮૪૪ પહેલાં સ્વર્ગમાં પોતાનું મધ્યસ્થીનું કામ કરતો નહોતો ? આ લોકોનાં પુસ્તકોમાં આપણને આ બાબત કહેવામાં આવતી નથી. આ વિચિત્ર અને સંપૂર્ણપણે બાઈબલ વિરોધી સિદ્ધાંતનો સેવન્થ-ડે એડવેન્ડિસ્ટ્સ સ્વીકાર

કરે છે અને તેમ કરીને તેઓ બાઈબલમાંના પ્રબોધકોનાં પુસ્તકોના પોતે આપેલા ખુલાસા અને ખ્રિસ્ત ૧૮૪૪માં ખરેખર પૃથ્વી પર નથી આવ્યો, આ બે બાબતો વચ્ચે સમાધાન સાધી શક્યા છે.

પ્રમુખયાજક તરીકેના પ્રભુ ઈસુ ખ્રિસ્તના આ કાર્ય સંબંધી બાઈબલ શું કહે છે? શું તેમાં એવું ગર્ભિત સૂચન છે કે ૧૮૪૪ની સાલ સુધી આ મહાન કાર્ય શરૂ થઈ શક્યું નહિ? એથી ઊલટું, બાઈબલ પરથી આપણે જાણી શકીએ છીએ કે વધસ્તંભ પરના પોતાના મરણદ્વારા ઈસુ ખ્રિસ્ત 'પરમપવિત્ર સ્થાનમાં **એક જ વાર ગયો હતો**' (હિબ્રી. ૯:૧૨). આપણે યાદ રાખીએ કે 'જશે' એમ નહિ, પણ 'ગયો હતો'એમ લખેલું છે. 'કેમ કે ખ્રિસ્ત હાથે બનાવેલું પવિત્રસ્થાન જે ખરાનો નમૂનો છે તેમાં ગયો નથી; પણ આકાશમાં જ ગયો કે તે **હમણાં** આપણે માટે દેવની સમક્ષ હાજર થાય' (હિબ્રી. ૯:૨૪). વળી, મનુષ્યો માટેની મધ્યસ્થીની આ સેવા તેના સ્વર્ગારોહણના સમયથી જ શરૂ થઈ. 'પણ એ તો પાપોને માટે એક બલિદાન સદાકાળને માટે કરીને, દેવની જમણી તરફ બિરાજેલો છે' (હિબ્રી. ૧૦:૧૨). 'આપણને એવો પ્રમુખયાજક મળ્યો છે કે જે આકાશમાં મહત્ત્વના રાજ્યાસનની જમણી તરફ બેઠેલો છે, અને પવિત્રસ્થાનનો તથા જે ખરો મંડપ માણસોએ નહિ પણ પ્રભુએ ઊભો કરેલો છે તેનો તે સેવક છે' (હિબ્રી. ૮ : ૧-૨). ૧૮૪૪માં ઈસુએ પરમપવિત્રસ્થાનમાં પ્રવેશ કર્યો એ માન્યતાને અહીં કોઈ આધાર મળી શકતો નથી.

સદીઓથી મંડળી માનતી આવી છે કે છેલ્લો ન્યાયચુકાદો આ યુગને અંતે આવશે. આને બદલે, શ્રીમતી વ્હાઈટ તે બનાવ ૧૮૪૪ની સાલ અને વર્તમાનની વચ્ચે મૂકે છે. યુગને અંતે બનનારા આ બનાવો સંબંધી કોઈ પણ ખ્રિસ્તી ચોક્કસ દાવાસહિત બોલી શકે નહિ, પરંતુ શ્રીમતી વ્હાઈટ અને તેમના અનુયાયીઓ આ પ્રકારનો દાવો કરે છે અને ૧૮૪૪ના વર્ષને

તદ્દન કપોલકલ્પિત અને બિનપાયાદાર અગત્ય આપે છે. અને આ મુદ્દો જેનો ખુલાસો ઘણો મુશ્કેલ અને ગહન છે તેને ધાર્મિક માન્યતાની કસોટીરૂપ બનાવવામાં આવ્યો છે.

## (આ) સાતમો દિવસ (શનિવાર)

તેઓની બીજી મોટી વિશિષ્ટતા સાતમો દિવસ (શનિવાર) સાબ્બાથ તરીકે પાળવા સંબંધી છે. આપણે જોઈ ગયા તે પ્રમાણે જોસેફ બેઈટ્સની રાહબરી હેઠળ એડવેન્ટિસ્ટ્સના એક જૂથે આ સિદ્ધાંત અપનાવ્યો હતો. શ્રીમતી વ્હાઈટ પોતાને થયેલ એક દર્શનનું વર્ણન કરતાં કહે છે કે તેમણે આ દર્શનમાં 'પરમપવિત્રસ્થાન જેમાં કોષ હતો તે જોયું (પ્રકટી. ૧૧ : ૧૯); કોષમાં દસ આજ્ઞાઓ હતી અને ચોથી આજ્ઞાની ચોગરદમ પ્રકાશનું વર્તુળ હતું. આ પ્રમાણે સાબ્બાથ અને પવિત્રસ્થાન અતૂટ રીતે એકબીજા સાથે સંકળાઈ ગયાં.' **(From : 'The Prophetic Faith of our Fathers', pp. 957-8).**

તો, અહીં કેટલાક મુદ્દાઓ વિચારવાના છે :

**(क)** સૃષ્ટિના સર્જનકાળથી જ સાતમો દિવસ (એટલે જે સાતમા દિવસે દેવ પોતાનાં કરેલાં કામોથી સ્વસ્થ રહ્યો તે દિવસ) પવિત્ર પળાતો આવ્યો છે, એવી સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સની માન્યતા છે. આથી તેઓ માને છે કે સાતમો દિવસ પવિત્ર પાળવો એ માત્ર યહૂદીઓને જ નહિ પરંતુ સમસ્ત માનવજાતને બંધનકર્તા છે. **(ख)** તેઓ દસ આજ્ઞાઓ પર વધારે ભાર મૂકે છે અને કહે છે કે ચોથી આજ્ઞાનો અર્થ સાતમા દિવસના અર્થમાં જ ઘટાવી શકાય. **(ग)** તેઓ બતાવે છે કે ખુદ ઈસુ પોતે અને પ્રેરિતો સાતમો દિવસ પવિત્ર પાળતા હતા, અને તેઓ દાવો કરે છે કે સાતમા દિવસનું સ્થાન સપ્તાહના પ્રથમ દિવસને આપવામાં આવ્યાનો ઉલ્લેખ શાસ્ત્રમાં ક્યાંય પણ નથી. **(घ)** આગળ વધીને તેઓ એમ પણ કહે છે કે રવિવાર પાળવો એ 'શ્વાપદની છાપ' છે. આથી

તેઓ એમ કહેવા માગે છે કે રોમના પોપવર્ગે ખ્રિસ્તીઓ પર ખોટી રીતે લાદેલી આ પ્રથા છે. તેઓ આ માન્યતાઓને એટલા મક્કમપણે વળગી રહે છે કે તેઓના જીવનનું આ લક્ષણ અને તેનો અમલ તેમની સૌથી વધુ જાણીતી વિશિષ્ટતા બની ગઈ છે, અને તેઓ દાવો કરે છે કે જેઓ સાતમો દિવસ પવિત્ર પાળતા નથી, તેઓને પ્રભુની મંડળીમાંથી બહાર કાઢી મૂકવામાં આવે છે. રવિવાર પવિત્ર પાળવાની બાબત તેમને માટે ઈશ્વર પ્રત્યેની વફાદારીનું પ્રતીક બની રહે છે.

તો પછી બાકીનું બધું ખ્રિસ્તીરાજ શા માટે સપ્તાહનો પહેલો દિવસ પવિત્ર પાળે છે ? અને સાતમો દિવસ પવિત્ર પાળવાની દલીલમાં કેટલું સત્ય છે ? હવે આપણે ઉપરની દલીલો સંબંધી એક પછી એક વિચાર કરીએ :

**(क)** 'ઉત્પત્તિ'માં આપણને કહેવામાં આવ્યું છે કે દેવ સાતમે દિવસે સ્વસ્થ રહ્યો, પરંતુ આ દિવસને પવિત્ર પાળવાનો ઈશ્વરી કાનૂન **સર્જનકાળથી** છે એની કોઈ સાબિતી નથી. સાબ્બાથ પવિત્ર પાળવાનો યહૂદી કાનૂન ઘણી સદીઓ પછી અમલમાં આવ્યો.

**(ख)** દસ હુકમોમાંનો એક હુકમ આ છે એ સાચું છે, પરંતુ નવા કરારનું આખું વલણ એ દર્શાવે છે કે ધર્મક્રિયા-વિધિના બંધનમાંથી મનુષ્યોને મુક્તિ અપાવવા માટે ખ્રિસ્ત આવ્યો છે. અલબત્ત, ખુદ ઈસુ ઘણીવાર સાબ્બાથને દિવસે (યહૂદીઓના) સભાસ્થાનમાં જતો, પરંતુ વિચારો કે કાનૂનરાજનું સ્થાન પ્રેમના રાજ્યે લીધું છે એ દર્શાવવા કેટલી બધી વાર તેણે સાબ્બાથનો ઈરાદાપૂર્વક ભંગ કર્યો ! (લુક ૬:૧-૧૧). તેણે સાબ્બાથને દિવસે માણસોને સાજા કર્યા અને જેઓએ તેને તેમ કરતાં અટકાવવાનો પ્રયત્ન કર્યો તેઓને તેણે સખત ઠપકો આપ્યો. તેણે કહ્યું કે, 'માનવપુત્ર સાબ્બાથનો પણ પ્રભુ છે.' આ રીતે તેણે બતાવ્યું કે મૂસાના પુરાતન

ક્રિયાકાંડના વિધિઓનું સ્થાન પ્રેમના કાનૂને લીધું હતું. યહૂદી સાબ્બાથ પાળવો હવે પછી જરૂરી નથી એની આ સૌથી સ્પષ્ટ નિશાની છે.

વળી, પ્રેરિત પાઊલના પત્રોનું સમગ્ર વલણ દર્શાવે છે કે પુરાતન વિધિઓને સ્થાને નવા વિધિ અમલમાં આવ્યા છે. નવા બિનયહૂદી ખ્રિસ્તીઓ પર જે યહૂદી ખ્રિસ્તીઓ સુન્નત અને સાબ્બાથ પવિત્ર પાળવા વિષેના પુરાતન યહૂદી વિધિઓ લાદવા માગતા હતા તેઓને પાઊલ કેટલી બધી વાર તીવ્ર કટુતાથી ઠપકારે છે ! 'એથી ખાવાપીવા વિષે કે પર્વ કે ચાંદરાત કે વિશ્રામવાર વિષે, કોઈ તમને દોષિત ન ઠરાવે; તેઓ તો થનાર વાતોની પ્રતિછાયા છે, પણ શરીર ખ્રિસ્તનું છે' (કોલોસી. ૨:૧૬-૧૭). 'પણ હવે તમે દેવને ઓળખ્યો છે, અથવા ખરું કહેતાં, દેવે તમને ઓળખ્યા છે, તો આ નબળાં તથા નિર્માલ્ય જેવાં તત્ત્વોના દાસત્વની ફરીથી ઈચ્છા રાખીને, તેઓની તરફ પુનઃ શા માટે ફરો છો ? તમે અમુક દહાડાઓ, મહિનાઓ, તહેવારો તથા વરસોનાં પર્વો પાળો છો. તમારે વિષે મને ભય રહે છે, રખેને કદાચ તમારે માટે લીધેલો મારો શ્રમ વ્યર્થ જાય' (ગલાતી. ૪:૯-૧૧). સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સમાંની કોઈ પણ વ્યક્તિએ સંત પાઊલના ગલાતીઓને લખેલ પત્રનું પ્રમાણિકપણે અને પ્રાર્થનાસહિત અધ્યયન કર્યું હોય એમ માનવું ઘણું મુશ્કેલ છે, કારણ કે તેની આખી દલીલ ચોથી આજ્ઞા વિષેના તેમના શિક્ષણની તદ્દન વિરુદ્ધ જાય છે. જે કાનૂનો ખ્રિસ્તીઓને બંધનકર્તા નથી એવું સંત પાઊલે સ્પષ્ટપણે લાંબા સમય અગાઉ જાહેર કર્યું છે તે કાનૂનો વડે એડવેન્ટિસ્ટ્સ આપણ બિનયહૂદીઓને બાંધવા માગે છે.

(ग) પ્રાચીન મંડળીની પ્રથા શી હતી ? ઈસુ અને તેના શિષ્યો સાબ્બાથ પાળતા હતા એ સાચું છે; કારણ કે તેઓ બધા યહૂદીઓ હતા. પરંતુ ઈસુ ખ્રિસ્ત મૂએલાંમાંથી સપ્તાહને

પહેલે દિવસે ઊઠયો અને તેથી પ્રાચીન ખ્રિસ્તીઓ એમ માનવા લાગ્યા કે આ દિવસને બીજા બધા દિવસ કરતાં વધારે પવિત્ર પાળવો જોઈએ. પચાસમાનો દિવસ, એટલે જે દિવસે મંડળી પર પવિત્ર આત્મા રેડવામાં આવ્યો તે દિવસ હંમેશાં સપ્તાહને પહેલે દિવસે (પાસ્ખાપર્વ પછી પચાસમાને દિવસ) આવતો હતો. તે બનાવ પણ એવો હતો કે સપ્તાહને પ્રથમ દિવસે જ્યારે ખ્રિસ્તીઓ એકઠા મળે ત્યારે તેને આનંદપૂર્વક યાદ કરે. સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કહે છે કે રવિવાર પવિત્ર પાળવા સંબંધીનો નિર્દેશ નવા કરારમાં નથી, પણ પ્રે. કૃ. ૨૦ : ૬-૭માં એવો એક ઉલ્લેખ છે : 'સપ્તાહને પ્રથમ દિવસે અમે રોટલી ભાંગવાને એકઠા થયા હતા, ત્યારે પાઊલે પોતે બીજે દિવસે નીકળવાનો હોવાથી [શિષ્યોની] આગળ ભાષણ કર્યું.' સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કહે છે કે આ રવિવારની ભજનસેવાનું એકમાત્ર કારણ એ હતું કે પાઊલ બીજે દિવસે નીકળવાનો હતો. તે માત્ર વિદાયની સભા હતી. પરંતુ હકીકતમાં આપણે જોઈ શકીએ છીએ કે તે ખરેખર પ્રભુને દિવસે પ્રભુભોજનની ભજનસેવા હતી.

**(ઘ)** હવે 'રવિવાર' પવિત્ર પાળવો એ 'શ્વાપદની છાપ' છે અને સારાયે ખ્રિસ્તીરાજ પર પોપવર્ગે એ લાદ્યું છે એ આક્ષેપ વિષે શું ? તેને સચોટ રીતે જૂઠો ઠરાવી શકાય એમ છે. રોમના બિશપના હાથમાં સત્તા આવી તેના ઘણા લાંબા સમય પૂર્વે એટલે લગભગ ઈ.સ. ૧૪૦માં **જસ્ટિન માર્ટર** લખે છે કે 'રવિવારને નામે ઓળખાતા દિવસે સભા ભરાય છે અને પ્રેરિતોનાં જીવનચરિત્રો અને પ્રબોધકોનાં લખાણો વાંચવામાં આવે છે, કારણ કે એ પ્રથમ દિવસ છે જ્યારે પ્રભુએ અંધકારને વિખેરી નાખ્યો અને આપણો તારનાર તે દિવસે મૃત્યુમાંથી સજીવન થયો. તેથી તે દિવસ બધા દિવસોમાં 'પ્રથમ અને મુખ્ય દિવસ બની રહે છે.' લગભગ ઈ.સ. ૧૨૦માં શહીદ થયેલ **સંત ઈગ્નેશસે** પણ લખ્યું છે કે 'હવેથી આપણે સાબ્બાથ પાળતા

નથી, પરંતુ આપણે પ્રભુના દિવસને અનુસરીને જીવીએ છીએ.’ તેમ છતાં સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કહે છે કે ઈ.સ. ૩૬૩માં લાઓદીકીઆની કાઉન્સિલે રવિવાર પાળવાની પ્રથા મંડળી પર લાદી હતી. તેઓ ઐતિહાસિક પુરાવાને ઈરાદાપૂર્વક અવગણે છે.

સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ દાવો કરે છે કે તેઓ પ્રૉટેસ્ટન્ટ ખ્રિસ્તીરાજમાંથી આવ્યા છે. તેઓના ઘણા લેખકો પ્રૉટેસ્ટન્ટ મંડળીના મહાન આગેવાનોનાં લખાણોનો સમ્મતિપૂર્વક ઉલ્લેખ કરે છે. **‘૧૦૦ વર્ષ પછી’ (After 100 Years)** નામક તેમના એક પ્રકાશનના પૂઠાની બહારની બાજુએ ‘ઉત્તરના પહાડી હીમો’ના પ્રખ્યાત કાવ્યમાંની એક કડી છે. આ કાવ્યના કર્તા સૂરતમાંના હાલના ‘ઈંગ્લિશ ચર્ચ’ના સ્થાપક ઍંગ્લિકન બિશપ હીબર છે. છતાંયે તેમના જેવા મહાન આગેવાનોમાંના કોઈએ પણ સાબ્બાથ પવિત્ર પાળ્યો નહોતો. આ બાબતને તે મહાન માણસોએ સુવાર્તામાંથી વિધિ તરફ અને ખ્રિસ્તમાંથી મૂસા તરફ જવાનું ગણ્યું હોત. જે દિવસે આપણો પ્રભુ મૃત્યુમાંથી પાછો ઊઠયો, જે દિવસને ઓગસ્ટિન, લ્યુથર, કૅલ્વિન, વેસ્લી, કૅરી, લિવિંગસ્ટન, સી. એફ. એન્ડ્રુઝ અને સાધુ સુંદરસિંગે પવિત્ર પાળ્યો, જે દિવસે સર્વ સ્થળે સર્વ ખ્રિસ્તીઓ આનંદ કરે છે, ભક્તિ કરે છે અને વિશ્રામ લે છે તે જ પ્રભુનો દિવસ છે, અને નહિ કે યહૂદીઓનો સાબ્બાથ કે જે દિવસ શુભ ભાવનાવાળા પરંતુ ખોટે માર્ગે દોરવાયેલા લોકો પવિત્ર પાળે છે અને આટલી મોટી સંખ્યામાં લોકોને મંડળીના વિશ્વાસ અને આચરણમાંથી નિયમના બંધનમાં લઈ જવા માટે આપણા સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્ ભાઈઓનાં હૃદયો પર એક ભારી બોજો હોવો જોઈએ.

સેવન્થ-ડે એડવેન્ટિસ્ટના આ બે સિદ્ધાંતો સૌથી વધુ લાક્ષણિક છે, પરંતુ આપણે તપાસવી જોઈએ એવી તેઓની બીજી પણ કેટલીક માન્યતાઓ છે.

## (ઈ) પાપીઓનું છેવટ અને શરતી અમરત્વ

જ્યારે એલન વ્હાઈટ બાળક હતાં ત્યારે સાર્વકાલિક શિક્ષાના સિદ્ધાંતથી ભયભીત થઈ ઊઠયાં હતાં. સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્નો મૃત્યુ, સ્વર્ગ અને શિક્ષાનો સિદ્ધાંત ઘણો આકર્ષક છે, છતાંયે તે બાઈબલની અવગણના કરે છે. સંક્ષેપમાં કહીએ તો તેઓ માને છે કે મૃત્યુને સમયે આપણે લાંબી નિદ્રામાં પડીએ છીએ, અને પુસ્તકોની ચકાસણીનું કાર્ય પૂરું થશે અને ન્યાયચુકાદો સંભળાવવામાં આવશે ત્યારે જ આપણે આ નિદ્રામાંથી જાગૃત થઈશું. તે સમયે ન્યાયીઓ ખ્રિસ્તની પાસે એકત્રિત કરાશે અને તેઓ પૃથ્વી પર રાજ્ય કરશે. પરંતુ શેતાન અને તેની સાથે બધા દુષ્ટોનો માત્ર સંહાર જ થશે.માત્ર દુષ્ટોના વિનાશ સિવાય બીજી કોઈ સાર્વકાલિક શિક્ષા હશે નહિ.

આ ઘણો આકર્ષક સિદ્ધાંત છે, અને દુષ્ટો કે જેઓને લાંબી નિદ્રા પછીના ત્વરિત વિનાશથી ડરવાનું કોઈ કારણ નથી તેઓને માટે તો કોઈ પણ રીતે ઓછો આકર્ષક નથી. આપણે જાણીએ છીએ કે ઈશ્વર પ્રેમ છે, અને તેની એવી ઈચ્છા નથી કે એક પણ મનુષ્યનો નાશ થાય. ખ્રિસ્તમય જીવનનું તેનું આમંત્રણ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના બધાં મનુષ્યોને માટે ખુલ્લું છે. પરંતુ જેઓ ખ્રિસ્તને ઈરાદાપૂર્વક અને છેવટ સુધી અવગણે છે, તેઓને માટેની શિક્ષાનો સ્પષ્ટ ઉલ્લેખ બાઈબલમાં છે. 'ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ' (માત્થી ૨૫ : ૪૧). સાર્વકાલિક અગ્નિના લક્ષણની આપણે ગમે તે સમજૂતી આપીએ, તોપણ તે લક્ષણને નિરર્થક બનાવવાનો અથવા તો તેની હસ્તી જ મિટાવી દેવાનો આપણને કોઈ અધિકાર નથી. ખરું કહીએ તો સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ પાપની ભયંકરતા અને ઘાતક ગંભીરતાનું મૂલ્ય ઓછું આંકે છે. આપણે એમ જ કહેતા નથી કે અમુક લોકોને

સાર્વકાલિક શિક્ષા અવશ્ય થશે; તે બાબતને આપણે ઈશ્વરના પ્રેમ પર છોડી દઈએ છીએ. પરંતુ આપણે ઈશ્વરનું મન એટલું બધું સંપૂર્ણપણે જાણવાનો દાવો કરતા નથી કે આપણે કહી શકીએ કે 'દુષ્ટોની હસ્તી મિટાવી દેવામાં આવશે અને કોઈ પણ જાતની સાર્વકાલિક શિક્ષા હશે જ નહિ.' આ લોકો સ્વર્ગ અને નર્કની ભૂગોળ અને કાલમાન વિદ્યાથી કેટલા બધા પરિચિત છે ! તેઓ કહે છે કે અમરત્વ તમામ મનુષ્યજાતનો વિશિષ્ટ અધિકાર નથી, પરંતુ તે તો ન્યાયીઓને બદલા તરીકે અપાયેલ ભેટ છે; અમરત્વ તો શરતી છે. નવા કરારનું શિક્ષણ, ઉદાહરણ તરીકે દ્રવ્યવાન માણસ અને લાજરસનું દૃષ્ટાંત તદ્દન જુદી જ બાબતનો નિર્દેશ કરે છે.

### (ए) કેટલાક નાના મુદ્દાઓ

શ્રીમતી વ્હાઈટ સ્વાસ્થ્ય અંગેના અને તબીબી કાર્યમાં ઘણો રસ લેતાં હતાં અને વળી સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્નો તબીબી સેવાનો લાંબો ઈતિહાસ છે. તેઓએ ખાસ કરીને કુદરતી ઉપચાર અંગે પાયાનું કાર્ય કર્યું છે. પરંતુ તેઓએ સ્વાસ્થ્યને લગતા કેટલાક સારા સિદ્ધાંતોને વિચિત્ર રીતે યહૂદી નિયમો સાથે સાંકળી લીધા છે. તેઓ માદક પીણાંઓના ઉપયોગનો નિષેધ કરે છે. આ ઘણી સારી બાબત છે. પરંતુ તેઓ ચા અને કૉફી પણ પીતા નથી, કારણ કે તે અકુદરતી ઉત્તેજકો છે. તેઓમાંના ઘણાં શાકાહારી છે. આ હકીકત હિંદમાં લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે, પરંતુ તેઓ માનવતાને કારણે શાકાહારી નથી. બલકે, તેઓ માને છે કે માંસથી શરીર પર ખરાબ અસર થાય છે. આ માન્યતા સાબિત કરવાનું જરૂર મુશ્કેલ છે. ભલે તેઓ માંસ ખાય કે ન ખાય, છતાંયે તેઓ અશુદ્ધ પ્રાણીઓ વિષેના યહૂદી નિયમોને ચુસ્તપણે વળગી રહે છે. 'અશુદ્ધ માંસ, જેવાં કે ડુક્કરનું માંસ અને ઈશ્વરે ખાસ મનાઈ કરેલાં પ્રાણીઓનું માંસ ખાવાની બાબતમાં

(લેવી. ૧૧ અને પુન. ૧૪) સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કોઈ પણ સ્વરૂપે તેનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકે છે.' **(Belief and Work of Seventh-Day Adventists, 1942 : p 23)** પરંતુ આવા ખોરાકના ઉપયોગથી દૂર રહેવાની બાબતમાં 'પ્રેરિતોનાં કૃત્યો'માં સ્પષ્ટપણે ઈનકાર કરવામાં આવ્યો છે (પ્રે. કૃ. ૧૦). સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ કહે છે કે તેઓનો ધર્મ નિયમના બંધન પર રચાયેલો નથી, પરંતુ આ વિચિત્ર મુદ્દો એવું પ્રતિપાદન કરતો હોય એમ માલૂમ પડે છે કે તે નિયમના બંધનમાં જ છે. સંત પાઊલે આ સંબંધી શું કહ્યું હોત ? જે શાકાહારીઓ પ્રાણીઓને દુ:ખમાંથી છોડાવવા ચાહે છે તેઓની આપણે પ્રશંસા કરીએ છીએ, પરંતુ જેઓ માત્ર નામશેષ થયેલા યહૂદી નિયમના બંધનમાં રહે છે તેઓની પ્રશંસા કરતા નથી.

## (ઐ) બીજા ખ્રિસ્તીઓ વિષેનું તેમનું દષ્ટિબિંદુ

૧૮૪૩ પહેલાં જ્યારે મિલરે એડવેન્ટિસ્ટ ઉપદેશ શરૂ કર્યો ત્યારે લોકોને પોતાની મંડળીઓ છોડીને તેના જૂથમાં જોડાવા માટેનું તેનું તેડું હતું. મંડળીઓ 'પતન પામેલ બાબેલોન' છે, એમ તેઓ કહેતા હતા. લોકોને મંડળીઓ છોડી દેવાનું આમંત્રણ હતું અને ઘણા લોકોએ મંડળીઓ તજી દીધી. યુનાઈટેડ સ્ટેઈટ્સમાં સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સને સંપૂર્ણપણે ખ્રિસ્તી મંડળીઓમાંથી ખેંચેલા છે અને હજુ પણ આ નીતિને તેઓ વળગી રહ્યા છે. પ્રકટીકરણના ૭મા અધ્યાયમાં જે મુદ્રિત થયેલાઓનો ઉલ્લેખ છે તે અમે જ છીએ એમ સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ માને છે. પ્રૉટેસ્ટન્ટ ખ્રિસ્તી ઉપદેશકોને અને લોકોને તેઓ ખ્રિસ્તના રાજ્યની **શક્ય** પ્રજા તરીકે ગણે છે. પરંતુ જ્યાં સુધી તેઓ સેવન્થ-ડે એડવેન્ડિસ્ટ્સ સાથે ન જોડાય અને સાતમાં દિવસની મહોર પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેઓ ખ્રિસ્તી રાજ્યની પ્રજા નથી.

આ પ્રમાણે જે ક્ષેત્રોમાં બીજાં મિશનો લાંબા સમયથી કાર્ય કરતાં હોય છે, તે ક્ષેત્રોમાં કામ કરવાની તેમની સામાન્ય રીત છે, અને તેઓના અનુયાયીઓ ઘણું કરીને બીજી મંડળીઓમાંથી આવેલા હોય છે. હિંદમાંના મોટા ભાગનાં મિશનો અને મંડળીઓ એકબીજા સાથે મિત્રભાવે રહે છે, તેઓનાં કાર્યક્ષેત્રો ભિન્ન ભિન્ન હોય છે અને શક્ય હોય ત્યાં સુધી એકબીજાને સહકાર આપે છે. સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ આ જાતનો મિત્રભાવ રાખતા નથી, કારણ કે તેઓના મૂળ સ્વભાવ પ્રમાણે તેઓ ખ્રિસ્તની મંડળીની વિરુદ્ધ કામ કર્યા વિના રહી શકતા નથી. જો શનિવાર સાબ્બાથ પવિત્ર પાળવાને લીધે તેઓ બીજા ખ્રિસ્તીઓથી અલગ પડે છે, તો બીજા ખ્રિસ્તીઓ સાથે સહકાર સાધવાનું અથવા ઐક્ય રાખવાનું તેમને માટે કેવી રીતે શક્ય બને ? આ સિદ્ધાંત દ્વારા તેઓ આપમેળે પોતાને દૃશ્ય મંડળીથી અલગ કરે છે.

## ખ્રિસ્તી મંડળીના વિશ્વાસ અને સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ વચ્ચે શો મૂળભૂત તફાવત છે ?

દક્ષિણ હિંદની મંડળીના બિશપ લેસ્લી ન્યુબિગિને મદૂરાના ખ્રિસ્તીઓને લખેલા પત્રમાં આ મતભેદનું સુંદર સ્પષ્ટીકરણ કર્યું છે.

તેઓ એમ લખે છે કે, 'મિશનરીઓનું એક જૂથ અહીં આવ્યું છે, અને સાબ્બાથનો નિયમ તમને બંધનકર્તા છે એવું સ્વીકારવાનું સમજાવવાનો પ્રયત્ન કરે છે. તો, જેમ પાઊલે ગલાતીઓને કહ્યું તેમ મારે તમને તદ્દન નિખાલસપણે જણાવવાનું છે કે જો તમે આ દાવો સ્વીકારશો તો તમે ખ્રિસ્તથી વિખૂટા પડી જશો. જો તમે આ માગણીને સ્વીકારશો તો તમે સંપૂર્ણ નિયમશાસ્ત્રના, એટલે નિર્ગમન, લેવીય અને ગણનામાં આપેલા નિયમશાસ્ત્રના ઋણી છો : જે નૈતિક નિયમ કહેવાય છે તેના જ માત્ર નહિ. પરંતુ ક્રિયાકાંડના નિયમના પણ ઋણી

છો......જો આપણામાં એકમાત્ર ખ્રિસ્ત પર વિશ્વાસ રાખવાની હિમ્મત ન હોય, જો આપણે નિયમના આજ્ઞાધીનપણા પર આધાર રાખીને જીવનનો એક વધારાનો વીમો ઉતરાવવા ચાહતા હોઈએ, તો આપણે ખ્રિસ્તથી વિખૂટા પડીએ છીએ અને આપણે ગુલામ બનીએ છીએ.'

## તો પછી આપણે તેમને કેવા ગણવા જોઈએ ?

**(अ)** પ્રથમ તો આપણે આનંદથી અને નિખાલસપણે કહેવું જોઈએ કે 'યહોવાહના સાક્ષીઓ'ની જેમ સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્સ અખ્રિસ્તી જૂથ નથી, પણ ખ્રિસ્તીઓ છે. તેઓ સાચા ઈશ્વરની ઉપસાના કરે છે, અને તેઓ ખ્રિસ્ત પર ખરા ઈશ્વર અને સાચા માનવ તરીકે અને દુનિયાના ઉદ્ધારક તરીકે વિશ્વાસ કરે છે. આ બાબતોમાં તેઓની સાથે સામાન્યભૂમિકા પર હોવા બદલ આપણે આનંદ કરીએ.

**(आ)** બીજું, સુવાર્તાપ્રચાર અને બાઈબલના ફેલાવાને માટેની તેમની ધગશને માટે દાન આપવાના સુંદર નમૂના માટે અને તેમના તબીબી તથા શૈક્ષણિક કાર્ય માટે આપણે ઈશ્વરનો આભાર માનીએ.

**(इ)** પણ આપણે એ ન ભૂલીએ કે જો કે તેઓ ખ્રિસ્તના નામથી ઓળખાય છે, છતાંયે તેઓ ભયંકર ભૂલમાં પડેલા છે. રોમન કૅથલિકોની જેમ તેઓએ તેમના વિશ્વાસમાં બાઈબલને આધારે રચાયેલ સિદ્ધાંતોનો નહિ, પરંતુ માનુષી તાર્કિક સિદ્ધાંતોને આધારે રચાયેલા સિદ્ધાંતોનો ઉમેરો કર્યો છે. આ દૃષ્ટિબિંદુને આધારે એ ફલિત થાય છે કે મરિયમ કુમારીના સ્વર્ગીય સત્કારના રોમન સિદ્ધાંત (**Doctrine of the Assumption of the Virgin Mary**) અને સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ્ના ૧૮૪૪માંના સ્વર્ગીય પવિત્રસ્થાનના શુદ્ધિકરણના સિદ્ધાંત વચ્ચે વિચિત્ર સામ્યતા દેખાઈ આવે છે. તેઓના સૌથી વધુ લાક્ષણિક સિદ્ધાંતોમાંનો એક, તે તર્ક બાંધવાનું પાખંડ

છે, અને બીજો, તે નિયમોના બંધનનું પાખંડ છે. જે વિશ્વાસનામાં અને કબૂલાતો માટે આપણા પિતૃઓ મરણ પામ્યા અને જ્ઞાતિ બહાર મૂકાયા, અને જે સિદ્ધાંતો અને કબૂલાતો ચોક્કસ અને સ્પષ્ટપણે સમગ્ર બાઈબલ પર અને નહિ કે બાઈબલમાંના અમુક ભાગો પર રચાયેલાં છે, તેમાં આપણે દઢ રહીએ એ આપણે માટે વધારે હિતકર્તા છે.

(ઈ) જે લોકો ખ્રિસ્તી મડંળીની તદ્દન બહાર છે તેઓને જો (અને જ્યારે) એડવેન્ટિસ્ટ્સ ઈસુ ખ્રિસ્તની ઉદ્ધારક કૃપાની સુવાર્તા સંભળાવે તો (અને ત્યારે) તેઓને એમ કરતાં અટકાવનાર આપણે કોણ ? અને આપણે ઈશ્વરનો આભાર માનીએ, કારણ કે તેઓમાંના ઘણા તે જ પ્રમાણે કરે છે. પરંતુ જ્યારે તેઓ ખ્રિસ્તીઓને તેમની વિચિત્ર માન્યતાઓ પ્રતિ ખેંચી જવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેમનો સામનો અચકાયા વિના થવો જ જોઈએ અને ખ્રિસ્તના શરીરને વિભાગવાની તકો તેમને ન જ આપવી જોઈએ.

(ઉ) તે સર્વ ઉપરાન્ત, આપણે તેમના પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ કારણ કે તેઓ આપણા ભાઈઓ છે, જેઓને માટે ઈસુ મૃત્યુ પામ્યો અને જેઓ તેના નામથી ઓળખાય છે તેવા તે આપણા ભાઈઓ છે. તેઓ આપણી અવગણના કરે છતાંયે આપણે તેઓની અવગણના કરવી જોઈએ નહિ. તેમની ઈશ્વરવિદ્યામાં જે કલ્પના કરવામાં આવી છે તેના કરતાં બાઈબલમાં વધારે મહાન સત્ય અને વધારે જીવન અને પ્રેમ છે, એ આપણે તેમને દર્શાવવા ધીરજપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. તેઓનાં ચક્ષુઓ ખૂલે, અને તેઓ પુનઃ પવિત્ર સાર્વત્રિક મંડળીના જીવંત સાક્ષીરૂપ અને નમૂનેદાર અંશ બને એ સમયની આશા રાખીએ.

□ □ □

10BGS2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 1

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

DESIGNED & PRINTED BY : JENSON COMPUTERS, MANINAGAR, AHD.-8.